ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૪૧ ટકા

# સરગાસણને હરિયાળું બનાવવા સોસાયટીઓ દ્વારા વૃક્ષારોપણ





ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરના ટીપી-૯માં આવેલ સરગાસણ વિસ્તારની સોસાયટીના પર્યાવરણ પ્રેમી રહીશોએ હરિયાળા સરગાસણના સ્વપ્નને સાકાર કરવા રવિવારે સવારે વિસ્તારના મુખ્ય માર્ગ વચ્ચે બનાવેલ ડીવાઈડર મધ્યે વૃક્ષારોપણ હાથ ધર્યું હતું. એક સાથે અનેક સોસાયટી આગળ થઈ રહેલા વૃક્ષારોપણથી વાતાવરણમાં એક નવો જ ઉમળકો વર્તાઈ રહ્યો હતો.

ટીપી-૯ માં આવેલ મારુતિ આમ્રકુંજ, દેવશરણંમ્, પ્રતિષ્ઠા એવન્યુના આગેવાનો ગૌતમભાઈ ઠાકર, ધવલભાઈ ઠાકર તથા મહેશભાઈ કાનાણીએ માર્ગ ઉપરના ડીવાઈડર મધ્યે ૫૪ જેટલા છોડનું વૃક્ષારોપણ પોતાની ટીમ સાથે કર્યું હતું. તો શરણંમ્ સોસાયટીના સક્રીય શભ્યો જગદીશભાઈ નમેરા, વસંતભાઈ પટેલ, ભુદરભાઈ ચાવડા, રોહિતભાઈ પટેલ, દિનેશભાઈ લાઠિયા, નટુભાઈ પટેલ, હરેશભાઈ માયંગર અને સોસાયટીના નાના ભુલકાઓ વૃક્ષારોપણની કાર્યવાહી માટે જહેમત ઉઠાવી સમગ્ર ડીવાઈડર ઉપર પાંજરા સાથે વૃક્ષોનું વાવેતર કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે શરણંમ્ સોસાયટીના સિક્યુરિટી ગાર્ડ કે જે રાત્રીએ ફરજ બજાવે છે તેઓ પણ પર્યાવરણના આ કાર્યમાં જોડાઈ ભારે મહેનત કરી વૃક્ષોના વાવેતર અને અને તેમાં જરૂરી પાણી આપવાનું કાર્ય કરતાં સૌ રહીશોએ તેમને ધન્યવાદ પાઠવ્યા હતા. પર્યાવરણ સંબંધી આ પ્રવૃત્તિથી લગભગ ૫૦૦ મીટરનો માર્ગ હરિયાળો બનશે તેવો આશાવાદ પ્રગટ થયો હતો. ટીપી-૯ના સક્રિય કાર્યકર હિંમતભાઈ પટેલે તથા જગદીશભાઈ ચેરાએ ગુડા સાથે સતત પરામર્શ કરી જરૂરી ટ્રી ગાર્ડ ઉપલબ્ધ કરાવ્યા હતા. જો કે વરસાદ ન પડે ત્યાં સુધી આ વૃક્ષોની યોગ્ય માવજત થાય તે માટે અઠવાડિયામાં બે ટેન્કર પાણી ગુડા દ્વારા પુરા પડાય તેવી માંગ પણ કરાઈ છે. ટીપી-૯ની શરણ રેસીડેન્સી, સહજાનંદ હોમ-૨, પ્રમુખ નગર ફલેટ્સ, સંતુર ગ્રેસી વગેરે સોસાયટીઓ પણ આ અભિયાનમાં જોડાઈને વૃક્ષારોપણ કર્યું હતું.

ટીપી-૯ વિસ્તારમાં થઈ રહેલી આ પ્રવૃત્તિને ચારે તરફથી આવકાર મળી રહ્યા છે, અને આ વિસ્તારના તમામ રહીશો આ પ્રકારની પ્રવૃત્તિમાં પૂર્ણ સહકાર આપી રહ્યા છે. જેથી વિસ્તાર હરિયાળો બની જશે તેવી સૌ અપેક્ષા રાખી રહ્યા છે.





ઈન્ડીયન રેડક્રોસ - ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા તા. ૨૧મીએ વિશ્વ યોગ દિવસથી કાયમી ધોરણે સેક્ટર-૨૭, આનંદનગર, અંબિકા ચોક ખાતે સવારે ૫ થી ૭ દરમિયાન યોગ કરાવવામાં આવી રહ્યા છે. સવારના યોજાનારા યોગ કાર્યક્રમમાં રેડક્રોસના સરિતાબેન ગોંડલીયાની આગેવાની હેઠળ યોગગુરૂ જયંતિભાઈ વઘાસીયા દ્વારા વિવિધ યોગ કરાવવામાં આવી રહ્યા છે.

## ગાંધીનગરના શિક્ષક દંપત્તિનો પુત્ર ‘ગજ્જર મીત’ સ્ટેટ લેવલ મેન્ટલ એરીથમેટિક કોમ્પીટીશનમાં ઝળક્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામના વતની અને હાલ ગાંધીનગરના સેકટર-૪માં રહેતા જિલ્લા દહેગામ તાલુકાની સયાજીના છાપરામાં શિક્ષક દંપત્તિમાં નોકરી કરતા ગજ્જર ધર્મેશકુમાર તથા ગજ્જર ગીતાબેનનો પુત્ર ‘ગજ્જર મીત’ ગુજરાત સ્ટેટ લેવલ મેન્ટલ એરીથમેટિક કોમ્પીટીશન-૨૦૧૯માં ઝળક્યો છે. તેણે ૮ મિનિટમાં વધુ દાખલા ગણી સ્ટેટ લેવલમાં ઝોનલ એવોર્ડની ટ્રોફી મેળવી હતી.



મીતને ક્રિકેટ, અભિનય, ડ્રામા, સ્વિમિંગ, કેલીગ્રાફી, ડ્રોઈંગમાં રસ છે. ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન, જનરલ નૉલેજ તેના રસના વિષયો છે. દહેગામ તાલુકાની સહયોગ વિદ્યાલયમાં ધોરણ-૬માં અભ્યાસ કરતો મીત ગજ્જર ભણવામાં પણ હંમેશા શરુઆતથી અવ્વલ રહ્યો છે.

હવે ગજ્જર મીત ૨૦મી જુલાઈના રોજ યોજાનાર ઓલ ઈન્ડિયાની નેશનલ લેવલની કોમ્પીટીશનમાં કલકત્તામાં ખાતે ભાગ લેશે. ત્યાં પણ સારો દેખાવ કરશે તેવી આશા છે. ગાંધીનગરમાં સક્રિય ગ્રુપ જીસીસી (ગાંધીનગર ચિલ્ડ્રન કલબ), કલરવ ગ્રુપ, આત્મન્ ફાઉન્ડેશન તથા નિસર્ગ સાયન્સ સેન્ટર, ગાંધીનગરની પ્રવૃત્તિઓમાં પણ ગજ્જર મીત સક્રિય ભાગીદારી નોંધાવે છે.

## એસ.જી.એસ.વી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૩

એસ.જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ૨૨ની રોજ નાથીબા હૉલમાં નવા આવેલ વિધ્યા થીંઓના વાલીઓ શાળાના વાતાવરણથી પરિચિત થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયું હતું. શાળાના શિક્ષિકા સોનાલી મેડમ અને નિખિલ સરે શાળાના સમગ્ર વાતાવરણથી વાલીઓને પરિચિત કરાવ્યા હતા. તેમજ આ પ્રસંગે શાળાના આચાર્યા મેડમે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ત્યારબાદ ધોરણ-૧ અને ૨ વાલીઓની મિટિંગ પણ રાખી હતી.

## સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩ દ્વારા વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને અભ્યાસ કીટનું વિતરણ



ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં છેલ્લા ૪૦વર્ષથી ધર્મ-સંસ્કાર-સમાજ સેવાની ઉમદા પ્રવૃત્તિ કરતા એવા ત્રિવેણી સંગમ સમાન સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩ દ્વારા પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીના આશીર્વાદ તથા પ્રેરણા અને પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જીલ્લાના પીપળજ, સુઘડ, લાકરોડા, બાપુપુરા તથા અમદાવાદ જીલ્લાના બાંન્ટાઈ તથા મહેસાણા જીલ્લાના મરતોલી તથા પાટણ જીલ્લાના છમીછા ગામની માધ્યમિક તથા પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ફૂલસ્કેપ ચોપડા, નોટબુકો, પેનો, પેન્સીલો વગેરેનું વિતરણ કરાયું હતું.

આ શુભ સેવા કાર્યનો હેતુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અભ્યાસ તથા શૈક્ષણીક પ્રોત્સાહન મળી રહે તે માટે મંદિરનાં સંત પ.પૂ. શાસ્ત્રી સ્વામી હરિપ્રિયદાસજી તથા મંદિરનાં યુવા સ્વયં સેવક હરિભક્તોની ટીમ સાથે મળીને આ ઉમદા સેવા કાર્ય કરે છે. સંસ્થા દ્વારા થતી વિદ્યાર્થી સહાયની પ્રવૃતિને શાળાના સંચાલકો, શિક્ષકો તથા વાલીઓ લાગણી સભર આભાર સહ બિરદાવી હતી.

# આપણું ફાઉન્ડેશન દ્વારા કમ્પ્યૂટર લર્નિંગ ફેસ્ટિવલનું આયોજન





ગાંધીનગર, તા. ૨૩

સરકારી પ્રાથમિક શાળાના બાળકો કોમ્પ્યુટર શિખવાથી વંચિત ન રહી જાય તે હેતુથી આપણુ ફાઉન્ડેશન દ્વારા ‘‘કમ્પ્યુટર લર્નિંગ ફેસ્ટીવલ’’ ઉજવવામાં આવી રહ્યો છે. જેમાં શહેરની ૧૫ જેટલી સરકારી પ્રાથમિક શાળાના બાળકોને ગાંધીનગરના કમ્પ્યુટરના જાણકાર સેવાભાવિ વ્યક્તિઓ તથા સંસ્થાઓ દ્વારા કમ્પ્યુટર શિખવાડવામાં આવી રહ્યું છે.

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા આપણુ ફાઉન્ડેશન દ્વારા શહેરની સરકારી શાળાના બાળકો કમ્પ્યુટરના શિક્ષણથી વંચિત ન રહી જાય તે હેતુથી કમ્પ્યુટર શીખવવામાં આવી રહ્યું છે. શહેરમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓ બોરીજ, સે. ૨૧, સે. ૨૯, સેક્ટર-૮, સે. ૧૩/૧, સે. ૧૩/૨, સે. ૭, સે. ૮, સે. ૨૦/૧, સે. ૨૦/૨, ઈન્દ્રોડા-૧, ઈન્દ્રોડા-૨, જીઈબી અને ગોકુલપુરા પ્રાથમિક શાળામાં કમ્પ્યુટરનું શિક્ષણ સંસ્થા દ્વારા આપવામાં આવી રહ્યું છે.

કમ્પ્યુટર લર્નિંગ ફેસ્ટિવલ માટે ૨ મહિનાનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે અને સંસ્થા દ્વારા કમ્પ્યુટરનો એક અલગ સિલેબસ તૈયાર કરવામાં આવ્યો છે જે દર શનિવાર અને રવિવારે સવારે ધો. ૬, ૭ અને ૮ના બાળકોને સવારે શાળામાં જઈ શીખવાડવામાં આવે છે. કમ્પ્યુટર શીખ્યા બાદ સંસ્થા દ્વારા ઈન્ટર સ્કૂલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ છે જેમાં દરેક શાળાના ૧૦ થી ૧૫ બાળકોની પસંદગી કરવામાં આવશે. વિજેતાને ભેટ તથા ભાગ લેનાર દરેકને સંસ્થા દ્વારા પ્રોત્સાહિત ઈનામ આપવામાં આવશે. આ ફેસ્ટિવલમા જોડાવવા માટે ૯૪૨૯૯૬૬૭૫૩ અને ૯૧૫૭૧૫૮૧૫૮ પર સંપર્ક કરવા સંસ્થા દ્વારા જણાવાયુ છે.

## એનસીઈઆરટીના ફિઝિક્સના પુસ્તકમાંથી એક પ્રકરણ ગાયબ

સમગ્ર રાજ્યમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ ગયો છે તેમાં પણ સાયન્સના ઉચ્ચત્તર માધ્યમિકના વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સત્ર શરૂ થઈ ચુક્યુ છે. આ વર્ષે રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધો. ૧૨ સાયન્સમાં એનસીઈઆરટી આધારિત પુસ્તકો સમાન બનાવ્યા છે જેના ભાગરૂપે ધો. ૧૨ ફિઝીક્સનુ પુસ્તક પણ બદલાયુ છે. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતી માધ્યમના ફિઝીક્સના પાઠ્યપુસ્તકનું ૪૪ પાનાનુ પ્રકરણ જ ગાયબ કરી દેવામાં આવ્યુ છે.

રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધો. ૧૨ સાયન્સમાં આ વર્ષની એનસીઈઆરટી આધારિત નવા પુસ્તકો સમાન બનાવ્યા છે. જેના ભાગરૂપે ધો. ૧૨ ફિઝિક્સનું પુસ્તક પણ બદલાયુ છે. શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતી માધ્યમના પાઠ્ય પુસ્તકમાંથી એક આખુ ૧૫ નંબરનું કમ્યુનિકેશીસિસમ નામનુ લગભગ ૪૪ પાનાનું પ્રકરણ જ ગાયબ કરી દેવામાં આવ્યુ છે. એટલે કે તે પુસ્તકમાં છપાયુ જ નથી. વિદ્યાર્થીઓને આ પ્રકરણ વિનાના જ પુસ્તકો અપાયા છે.

પ્રુફ રિડીંગમાં કોઈ ક્ષતિ અથવા તો પ્રિન્ટીંગમાં કોઈ ક્ષતિ રહી જવાને લીધે આ છબરડો થયો હોવાનું શિક્ષકોનું અનુમાન છે.



## ‘હાલ્યને સૈયર’ કાવ્યસંગ્રહનું વિમોચન

ડીવાઈન પબ્લિકેશન દ્વારા પ્રકાશિત બાબુ નાયકના પ્રથમ કાવ્યસંગ્રહ ‘હાલ્યને સૈયર’નું વિમોચન થયું હતું. જે પ્રસંગે દલપત પઢિયાર, હરિકૃષ્ણ પાઠક, જિતેન્દ્ર કા વ્યાસ, કિશોર જીકાદરા, નગીનચંદ્ર ડોડિયા, પ્રજ્ઞાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં શુભેચ્છકોએ પણ હાજરી આપી હતી. ઉલ્લેખનીય છે કે, કાવ્યસંગ્રહમાં સમાજ, પ્રણય, ગ્રામીણ પરિવેશ જેવા વિષયો સાથે ૬૨ ગીતો, ૩૨ ગઝલ, ૦૫ દ્વંદ્વયુક્ત કાવ્ય, ૦૫ અછાંદસ એમ થઈને કુલ ૧૦૧ કાવ્યનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## બે જોડી સ્કૂલડ્રેસ અને દફતર સહિતની કીટનું વિતરણ

શહેરની સંઘ સહયોગ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર-મહુડી માર્ગ પર આવેલા પુંધરા ગામની શાળા નં. ૩ ખાતે સ્કૂલકીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૧ થી ૮ના બાળકોને ૨ જોડી સ્કૂલ ડ્રેસ, સ્કૂલ બેગ, કંપાસ બોક્સ, નોટબુક, પેન્સિલ, કલર વગેરેનો સમાવેશ થતો હતો.

આ પ્રસંગે સંસ્થાના જયશ્રી બ્રહ્મભટ્ટે બાળકોને અભ્યાસ માટે પ્રેરિત કરતુ વકતવ્ય આપી અભ્યાસનું મહત્વ સમજાવ્યુ હતુ. આ કાર્યક્રમમાં અંદાજે ૨૫૦ જેટલા બાળકો જોડાયાં હતા.

# ‘‘દમ મારો દમ’’ ગાતા સંતાનો ક્યાંક ‘‘ડ્રગ્સ’’નો દમ તો નથી મારી રહ્યાં ને ???

### હવે માત્ર શરાબ નહી ગાંજાથી માંડીને હેરોઈન સુધીના ‘‘દમ’’ મારવા સુધી યુવાપેઢી આસાનીથી પહોંચવા લાગી છે : સ્પર્ધાત્મક માહોલમાં માનસિક તણાવના કારણે ‘‘સોફ્ટ ટાર્ગેટ’’ બનતા યુવાનોને પ્રેમ-સન્માનથી સાચવી લેવા સાથે ડ્રગ્સનો ગોરખધંધો કડક હાથે ડામવાની જરૂર

ગાંધીનગર, તા. ૨૩

‘‘ચાર બોતલ વોડકા, કામ મેરા રોજકા’’ અથવા ‘‘દારૂ પીધો મેં તો દારૂ પીધો’’ જેવા ગીતો પર



લાગ્યું એવું લખ્યું
સમીર રામી

આજની યુવા પેઢીને મસ્ત થઈને નાચતા જોઈ ટીકા કરતા વડિલોએ તેમના જમાનામાં પણ ‘‘દમ મારો દમ’’ કે ‘‘હર ફિક્ર કો ધુંએ મેં ઉડાતા ચલા ગયા’’ જેવા ગીતો પણ આવા જ સુપરહીટ થયા હતા તે ના ભુલવુ જોઈએ. જો કે આ સાથે હવે ઘણા પરિવારોમાં જેનો ‘‘છોછ’’ ઓછો થવાને ગૌરવપ્રદ ગણવામાં આવે છે તેવા ‘‘ડ્રિન્ક્સ’’ના સીપમાં કે જેના ધુંઆમાં જાણે સ્વર્ગીય આનંદ મળે છે તેવા ભ્રમમાં રાચતા યુવાનોને જોઈ ‘‘આ તો ચાલ્યાં કરે’’ તેવુ માનતા હોય તો સત્વરે ચેતી જવાની જરૂર છે કેમકે આ ફૂંકમાં માત્ર તમાકુ નહી પરંતુ ગાંજો, અફિણ, ચરસ, હેરોઈન, મેરીજુઆના, હશિશ, કોકેઈન, કોક, એલ.એસ.ડી. જેવા ડ્રગ્સ પણ સામેલ હોઈ શકે છે. આંતરરાષ્ટ્રીય સ્તરે સંયુક્ત રાષ્ટ્રસંઘ યુનો દ્વારા તા. ૨૬મી જુનને ‘‘ઈન્ટરનેશનલ ડે અગેઈન્સ ડ્રગ એબ્યુઝ ડે’’ તરીકે ઉજવવામાં આવે છે ત્યારે આ પ્રસંગે ખૂબ જ આસાનીથી ડ્રગ્સ તરફ આગળ વધી રહેલી યુવા પેઢી પ્રત્યે જાગૃત થવાનો સમય પાકી ગયો છે.

આજે સતત વધતા જતા ભૌતિકવાદના પ્રભાવ તળે માનવી અનેક પ્રકારની માનસિક તાણ અનુભવી રહ્યો છે. વળી, અપુરતુ પોષણ, અપૂરતો આરામ, સતત વ્યસ્ત જીવન અસંયમિત ખોરાક, અનિંદ્રા જેવા સંજોગોમાં વારંવાર શારીરિક બિમારીઓનો ભોગ બનતો માનવી જ્યારે દવાઓથી ફાયદો ના થાય ત્યારે નશીલા પદાર્શોમાં સરણું શોધતા અચકાતો નથી જેના થકી ત્વરિત માહત અનુભવાય પરંતુ તેના બંધાણી બની અંતે દર્દનાક ભવિષ્યને આમંત્રણ આપી બેસે છે. રખેને તમે એવુ ના માનતા કે શાળા-કોલેજમાં ભણતા તમારા સંતાનો આ રવાડે





નહી ચઢે કેમ કે આ બધુ થોડુ અહીં એમ આસાનીથી મળતુ હશે. હકીકત તો એ છે કે ગુજરાતમાં શિક્ષણ નગરી તરીકે ઓળખ મેળવી ચુકેલા પાટનગર ગાંધીનગરથી માંડીને રાજયના નાના-મોટા તમામ શહેરોમાં આસાનીથી શાળા-કોલેજની આસપાસ કોઈ પાનના ગલ્લે કે રેલવે-બસ સ્ટેશનની આસપાસ અથવા હરતી ફરતી રેંકડીઓ કે રીક્ષામાં પણ મળી જાય છે. કેટલાક મેડિકલ સ્ટોર્સ કે કેમિસ્ટ દ્વારા પણ નશાકારક સિરપ કે ટેબ્લેટ જેવી દવાઓ અથવા માદક આલ્કોહોલ મિશ્રીત દવાઓ પ્રિસ્ક્રિપ્શન વગર ઊંચા ભાવે ખાનગીમાં વેચવામાં આવે છે. શહેરના જાણીતા પેરાલીગલ વૉલિન્ટિયર જયરામ સોનીએ ઉપલબ્ધ કરાવેલી વિગતો અનુસાર આપણા દેશમાં ૭ કરોડ નાગરિકો ડ્રગ્સનું સેવન કરે છે જેમાં ૧૭ ટકા કેફી પદાર્થોના બંધાણી છે. વળી, ચોંકાવાનારી વિગત તો એ છે કે એક સર્વે મુજબ યુનિવર્સિટીઓના નેવું ટકા વિદ્યાર્થીઓએ નશીલા પદાર્થોનો અનુભવ કર્યો હોય છે, જેમાં યુવતિઓનું પ્રમાણ પણ ૨૫ ટકા જેટલું છે જે દિનપ્રતિદિન વધી રહ્યું છે.

ગાંધીનગર એ રાજયનું સૌથી વધુ યુનિવર્સિટીઓ ધરાવતું શહેર છે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમકેન્દ્રો પણ ખૂબ મોટી સંખ્યામાં ધરાવે છે તેથી શહેરમાં એક અંદાજ મુજબ એક લાખથી પણ વધુ યુવાનો વિવિધ પ્રકારની શૈક્ષણિક તાલીમ પ્રાપ્ત કરવા દિવસ દરમ્યાન હાજર હોય છે. આ કારણે નશીલા પદાર્થોના વેપારીઓ માટે ગાંધીનગર ‘‘સોફ્ટ ટાર્ગેટ’’ બની ચુંક્યુ છે. વળી, શહેરમાં અનેક આઈટી સહિતની કંપનીઓનો વિકાસ થવાથી પણ અસંખ્ય યુવાનો નોકરી કરવા માઈગ્રેટ થઈને આવ્યાં છે તથા આવી રહ્યાં છે. યુવાનોમાં ખાસ કરીને ટીનેજર વિદ્યાર્થીઓમાં માનસિક તણાવના મુખ્ય કારણોમાં પોતાની ગર્લફ્રેન્ડ કે બોયફ્રેન્ડ સાથે બ્રેકઅપ થવાનુ અથવા સ્પર્ધાત્મકતાને કારણે અભ્યાસમાં ‘‘મેરિટ’’ નહી મેળવી શકવાનું જોવા મળે છે. આ માનસિક તણાવનો લાભ લઈ પ્રતિબંધિત ડ્રગ્સનો ગોરખ ધંધો કરનારા તેમનો આસાનીથી ‘‘શિકાર’’ કરે છે. તેમની મોડ્સ ઓપરેન્ડી મુજબ તેઓ આ પ્રકારના યુવકને તેના મિત્ર જ અગાઉથી બંધાણી બની ચુક્યો છે તેના દ્વારા ‘‘માત્ર ટેસ્ટ કર અને ગમ ભૂલી જા’’ની ઓફર આપી ટેસ્ટ કરાવે છે પછી તે વારંવાર ટેસ્ટ કરવા લલચાય છે અને છેવટે બંધાણી બની જાય છે. આવા બંધાણી બની ગયેલા યુવકોને વારંવાર ડ્રગ્સ લેવાની આદત પડી જતાં આર્થિક તંગી વર્તાય છે અને છેવટે તેઓ પેલા ડ્રગ્સ સપ્લાયર્સના ‘‘કેરિયર’’ સુદ્ધાં બની જઈ પોતે ફસાયાં હતા તેજ રીતે પોતાના અન્ય મિત્રોને પણ ફસાવવાના કામ કરતા થઈ જાય છે. શહેરમાં અનેક યુવકો-યુવતિઓ જેઓ પેઈન્ગ ગેસ્ટ કે હોસ્ટેલમાં રહીને અભ્યાસ અથવા નોકરી કરે છે તેઓ આ વિષચક્રમાં આસાનીથી સપડાઈ રહ્યાં છે.

તમને એમ થાય કે ભણેલા-ગણેલા યુવાનો જાતે તેમનું જીવન બરબાદ કરે તેમાં આપણે શું તો આપને જણાવી દઉ કે દેશમાં જેટલા મોટર વાહનોના અકસ્માતો થાય છે તેમાંથી ૪૦ ટકા અકસ્માતો નશો કરીને વાહન હંકારવાથી થાય છે જેમાંથી કોઈક ક્યારેક તમને હડફેટે લઈ લેશે તે કહેવાય નહી. નશાખોરીની આ બદીથી સામાજિક વિકાસ તો અવરોધાય જ છે પરંતુ ગુનાખોરીનું પ્રમાણ પણ વધે છે અને યુવાનો નૈતિકતા પણ ગુમાવે છે જે ક્યારેક તેમના પરિવાર કે સમાજ માટે ઘાતક સાબિત થાય છે. આ સમસ્યાને કારણે આપણે અઢળક પ્રતિભાઓને પણ ગુમાવીએ છીએ જેનામાં પરિવાર, સમાજ તથા રાષ્ટ્રને પ્રગતિના પંથે લઈ જવાનું ઘણુ કૌવત ભરેલું હોય છે. આ સમસ્યા પ્રત્યે દરેક મા-બાપે જાગૃત બની બાળકોને પ્રેમ-વાત્સલ્ય તથા સમજણ થકી આ માર્ગે જતા અટકાવવાની અને ગયા હોય તો પાછા વાળવાની જરૂર છે તે સાથે જ સરકાર અને પોલીસતંત્રએ પણ અત્યંત કડક હાથે આ બદીને ડામવાની તાતી જરૂરિયાત છે. આ સાથે સમાજે પણ ભોગ બનેલા યુવાવર્ગને બચાવવા સન્માન અને સમજણનો માર્ગ અપનાવવો પડશે.

પ્રતિભાવો આવકાર્ય
Samirtalod@Yahoo.com